Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૪૨ · તા. ૧૧ થી ૧૭ ઑક્ટોબર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14










## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીનો વાર્ષિકોત્સવ સમસ્ત જ્ઞાતિ સ્તરીય મહત્વનો કાર્યક્રમ બન્યો



## વિવિધ મંડળોના સહભાગે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – મુંબઈ શ્રી ક.દ.ઓ. જૈન સંઘ – ભાંડુપ અને શ્રી અનંત મિત્ર મંડળ – ભાડુંપ દ્વારા આયોજિત પખાવાજ સ્પર્ધા વિશેષ કલાના સંવર્ધનનો મંચ બની ગઈ













## કે.ડી.ઓ. યુથ એક્સચેંજ પ્રોગ્રામમાં ક.દ.ઓ. જૈન સંઘ – પુનાએ કોઈમ્બતુરના યુવા મહેમાનોને હોંશે આવકાર્યા.



# હાર્દિક શ્રદ્ધાંજલિ



જન્મ :
તા.૨૬-૧૨-૧૯૫૩

અરિહંત શરણ :
તા.૦૧-૧૦-૨૦૧૪

## સિંહપુરૂષ શ્રી મણીકાંત મેઘજી મોમાયા

### (કચ્છ વરાડીયા હાલ હૈદરાબાદ)

આપે જીવનયાત્રામાંથી લીધેલી વિદાયથી અમે સહુ વ્યથિત થયા છીએ. દેહનો વિલય થાય છે પણ આત્માનો વિલય થતો નથી. અમારા સહુના હૃદયમાંથી આપની સ્મૃતિનો ક્યારેય વિલય થશે નહિ. આપના નિધનથી આપણી સંસ્થાએ શુભચિંતક તથા સંનિષ્ઠ વડિલ ગુમાવ્યા છે. આપનો સહકાર અને માર્ગદર્શન આપણી સંસ્થાને અવિરતપણે મળતા રહ્યા હતા. આપણા એકમને આપે મૂલ્યવાન સેવાઓ આપી હતી. પરોપકારી તથા દાનવીર હૃદયના આપશ્રીએ અનેક સેવાકાર્યો મૂક અને નિઃસ્પૃહભાવે કર્યા છે અને એટલે જ આપ દક્ષિણ ભારતના 'ભામાશા' કહેવાયા... આપની સમાજસેવા, પરોપકારી વૃત્તિ, આત્મીય ભાવના વગેરે ગુણો સદા યાદ રહેશે. આપના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તથા સમસ્ત પરિવારને આ ઘેરું દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

Estd.1978

## દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

માતૃશ્રી જવેરબેન ધનજી ધરમશી ''કચ્છી ભવન'' • ૪૪/બી, ૧લો મેઈન રોડ
જે.પી. નગર, ૩જો ફેઝ, મીની ફોરેસ્ટની સામે, બેંગલોર - ૫૬૦ ૦૭૮, ફોન : ૦૮૦-૨૬૫૮૬૭૯૯
Mob : વેન્કટેશ - ૮૭૨૨૮ ૦૨૪૨૬, નરેન્દ્રભાઇ - ૮૯૭૦૦ ૪૭૪૦૦ • Fax : ૦૮૦-૨૬૫૮૬૭૯૮
E-mail : dbkdo.jainekkam@yahoo.in • WEBSITE : www.kutchibhavan.com

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન :

અલપઇ, બડગરા, બાગલકોટ, બેંગલોર, બેલગામ, બેલ્લારી, બીજાપુર, કલીકટ, ચેન્નઇ, કોઇમ્બતુર, કોચીન, દાવણગીરી, ગદગ, ગોવા, હાવેરી, હુબલી, હૈદ્રાબાદ, કોપલ, કુમટા, પોંડીચેરી, રાયચુર, સેલમ, શીરશી, તીરુપુર.



# પરમ મિત્ર મણીકાંત મેઘજી મોમાયા

## ૪૩ વર્ષો પછી આપણે ક્લાસમેટ્સ મળ્યા,




૧૯૭૦

**બચપનની યાદો મમળાવી, સંબંધોના સેતુ પુનઃ સ્થાપિત કર્યા,**
**ફરી મળવાનો વાયદો કરીને છુટા પડયા,**
**ત્યાં તો મિત્ર તમે બધાને પાછળ મૂકી, અનંત યાત્રાએ નિકળી પડયા.....!**



૨૦૧૪

**શ્રીમતી માલતી હરીશ ધરમસી, શ્રીમતી ગુણવંતી કુંવરજી મોમાયા**
**અને શ્રી ગુજરાતી વિદ્યા મંદિર હૈદ્રાબાદ ૧૯૭૦ ના બૅચ મેટ્સ**

## તમને ક્યારેય નહીં ભૂલી શકીએ....

# આદરાંજલિ



: જન્મ :
૨૬-૧૨-૧૯૫૩

: સ્વર્ગવાસ :
૦૧-૧૦-૨૦૧૪

## સ્વ. મણીકાંત મેઘજી મોમાયા (ઉ.વ.૬૧)

(ગામ : વરાડીયા, હાલ : હૈદ્રાબાદ)

* ગૌરવ કેટરર્સ *

ધરતી હલબલી ને ઓચિંતો ભુકંપ આવ્યો....
પવનના સુસવાટે.... લત્તા-વૈભવ તણો દીપ બુઝાયો
હૈદરાબાદનો નરબંકો નવાબ ને
કચ્છી દશા સમાજના મુગટમાંનો મણી ખોવાયો....
જીવનથી મૃત્યુ સુધીની સફળ યાત્રા યાદગાર બનાવી,
સગાં-વ્હાલાં અને મિત્રોનો ઝીંદાદીલ સથવારો છૂટ્યો...
યાદ આવશે, આંખ ભીંજાશે....
પણ આપના અતૂટ મનોબળના મંત્રની માળા દેશે દિલાશો....
ધૂપસળીની ઉર્ધ્વગતિ ને ઝળહળતી જ્યોત સમી જીંદગી
સહુકોઈ પ્રેરણા લેજો...
મણીકાંત મોમાયાને
શબ્દોના સથવારે આપીએ શ્રધ્ધાંજલિ...

PRATAP® Excellency A-AHAR-KA ANAND®

**મણીકાંત હિરજી ઘુલ્લા**
(જખૌ-મુલુંડ)

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 42/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# ક.દ.ઓ. મંડળ ડોંબિવલી જરૂરતમંદને રાહત આપવાના મર્યાદિત ઉદ્દેશથી આગળ વધે એ જ્ઞાતિના સમાજજીવન માટે જરૂરી છે

ક.દ.ઓ. મંડળ ડોંબિવલીનો ૩૮મો વાર્ષિકોત્સવ ડોંબિવલીના નવા અત્યાધુનિક હોલમાં દબદબાપૂર્વક યોજાયો.

ડોંબીવલીવાસી જ્ઞાતિજનોની એકબીજા પ્રત્યેની આત્મીયતા એ ઉપનગર એકદમ ફેલાઈ ગયું તે પછી પણ અકબંધ રહી છે એ વાતનીખાસ નોંધ લેવી રહી.

આ કાર્યક્રમમાં ડોંબિવલી સિવાયના પણ અનેક જ્ઞાતિ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા તે પણ એટલા માટે નોંધનીય છે કે જ્ઞાતિમાં આગામી ત્રણેક મહીનામાં અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીઓ તથા સમસ્ત મહાજન દ્વારા રાયપુરમાં સંમેલન યોજાનાર છે તેની એક પ્રકારની પુર્વ તૈયારીની રજુઆત કે પોતાનો પરિચય કે પોતાની છબી ડોંબિવલીવાસીઓ સમક્ષ મુકવા આ બહુ અસરકારક મંચ છે તેથી તેનો શક્યતઃ વધુ ઉપયોગ કરી શકાય તેવા મોટા ભાગના આ આગેવાનોના હેતુ - ઈરાદાનો પડઘો પણ આ કાર્યક્રમમાં સંભળાયો.

આ કાર્યક્રમમાં વિવિધ આગેવાનોના વક્તવ્યોની વાત કરીએ તો સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ ચીમન મોતાએ રાયપુરમાં મળી રહેલા જ્ઞાતિ સંમેલન માટે મુંબઈના જ્ઞાતિજનોનો સહભાગ વધારવાનો અનુરોધ કર્યો. વર્તમાન અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને વ્ય. સમિતિના સભ્યોની ગત ૨૦૧૦ ની ચૂંટણીમાં ઝંઝાવાતી સફળતા મળી તેમાં સિંહફાળો આપનાર તેમજ ભલારાદાદા ટ્રસ્ટના આગેવાન જયંત સોનીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે ચુંટણી પેનલ તરીકે નહીં પણ વ્યક્તિગત રીતે લડાવી જોઈએ.

મુંબઈ મહાજનના પ્રમુખ નયન ભેદાએ પણ આવી રહેલી ચુંટણીના ઉપલક્ષમાં તેમની પેનલ અને ડોંબિવલીના જ્ઞાતિજનોનો ખાસ નાતો છે તેની યાદ અપાવી.

શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ અને સંબંધિત શૈક્ષણિક સંસ્થાઓ વતીથી હીરાચંદ દંડ કોઈ પણ જ્ઞાતિજનને પૈસાના અભાવે ભણતર અધુરૂં નહીં મૂકવું પડે તેવી ખાતરી આપી હતી.

આ રીતે, બીજા શબ્દોમાં કહીએ તો વાત જ્ઞાતિ સ્તરીય પ્રવૃતિઓની હોય કે વિસ્તારના રાજકારણની, ક.દ.ઓ. મંડળ ડોંબિવલીની મહત્તા સૌ સ્વીકારે છે.

મંડળની સ્થાપના એક અર્થમાં જ્ઞાતિના દાતાઓનું ધ્યાન સંગઠન દ્વારા આકર્ષિત કરીને અહીં જેમની ઘણી મોટી વસતિ હતી એવા જરૂરતમંદ જ્ઞાતિજનોને તેમની સમસ્યાઓમાં શક્ય એટલી વધુ રાહત આપવા માટે થઈ હતી.

જોકે, મંડળના સ્થાપકોની રુચિ અને દૃષ્ટિ ડોંબિવલીમાં વસતા જરૂરતમંદ જ્ઞાતિજનોને તેમની સમસ્યાઓમાંથી રાહત અપાવવા સુધી મર્યાદિત નહોતી તેઓ ડોંબિવલીમાં તે વખતની સાનુકૂળતાનો ઉપયોગ જ્ઞાતિની રહેઠાણ સમસ્યા ઉકેલવા, ત્યાં જ્ઞાતિની મહાજનવાડી - સભાગૃહ બનાવી ત્યાંના બધા સમુદાયમાં

ચડીયાતા પુરવાર થવા તેમજ ત્યાં જ્ઞાતિનું દેરાસરજી નિર્માણ કરી તેને સંસ્કાર ધામ તરીકે પ્રવૃતિ કેન્દ્ર બનાવાય એવી હતી.

એ સંબંધ તેમણે જ્ઞાતિ આગેવાનોને પત્રો પણ લખ્યા હતા. અલબત્ત તે વખતે ડોંબિવલી ક.દ.ઓ. મંડળનો મંચ આજના જેટલો મહત્વપુર્ણ નહોતો બન્યો એટલે અનંતનાથજી ટ્રસ્ટ સ્તરે પૂરી અનુકૂળતા અને મુંબઈ મહાજન સ્તરે શ્રેષ્ઠ નેતાગીરી હોવા છતાં આ રજુઆતો જાણે બહેરા કાનો પર અથડાઈ.

એ પછીનો લગભગ દોઢ દાયકો અનંતનાથજી ટ્રસ્ટે દેરાસરજીના નવ નિર્માણનું કામ હાથ ધર્યુ હોવાથી તથા મહાજન સ્તરે ડોંબિવલીના જ્ઞાતિજનોના ટેકાથી આવેલ નેતાગીરીએ જ્ઞાતિસંમેલન યોજવા તથા સમસ્ત મહાજન ઊભું કરવાના તેમને મહત્વના લાગતા કામોમાં પોતાની શક્તિ વાળી એટલે એ રજૂઆતો પર જોર આપવાની તક પણ ન મળી.

દર મિયાન ડોંબિવલીમાંની એ સાનુકૂળતા ઘટતી ગઈ. એટલું આશ્વાસન લઈ શકાય કે કેટલાક જ્ઞાતિ આગેવાનોએ આ વખતે હોપ ૧૦૦૦ની રહેઠાણ યોજના માટે ચક્રો ગતિમાન કર્યા. સ્વાભાવિકપણે ડોંબિવલીના આગેવાનોએ એ યોજનાને સફળ બનાવવા પૂરેપૂરો સાથ સહકાર આપ્યો. અલબત્ત, વિવિધ કારણોસર એ સ્વપ્ન હજુ સ્વપ્ન જ છે.

દરમિયાન ડોંબિવલીના કેટલાક આગેવાનોએ અહીંના સંખ્યાબળને આધારે મુંબઈ જ્ઞાતિ મહાજનમાં વર્ચસ્વ સ્થાપી અહીંનો અવાજ જ્ઞાતિ સ્તરે પહોંચડવાની કોશિશ કરી, પણ તેને વિશેષ પ્રતિભાવ ન મળ્યો.

છેવટે, જ્ઞાતિ અગ્રણીઓની ડોંબિવલીના જ્ઞાતિજનો તરફથી આ દાયકાઓની અવહેલનાનો જાણે કુદરત બદલો આપતી હોય તેમ પાંચ વર્ષ પહેલાં અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનની ચુંટણીઓ યોજાઈ ત્યારે દરેકે દરેક પેનલના ઉમેદવારાએ ડોંબિવલીમાં પ્રચાર સભાઓમાં ડોંબિવલીવાસીઓ માટે વચનોની લહાણી પીરસી અને તેમના મતો માટે આજીજી વિનવણી પણ કરી.

અનંત યુવા શક્તિ પેનલે પોતાની રહેઠાણ યોજના અને જરૂરતમંદને રાહત એમ ડોંબિવલીવાસી જ્ઞાતિજનોને ગમતી બન્ને બાબતોમાં પોતાની સજ્જતા અંગે પ્રભાવકારી દેખાવ કરી ચુંટણીમાં ડોંબિવલીના જ્ઞાતિજનોના મતોથી પ્રભાવકારી વિજય મેળવ્યો.

પણ હવે પાંચ વર્ષ વિતી ગયા છતાં વચનપૂર્તિ થઈ નથી તે મુદ્દો એક બાજુ મૂકીએ તો યે, એકાદ વર્ષ પહેલાં હોપ - ૧૦૦૦ના પ્રકલ્પ માટે તેના સંચાલકો સાથે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ૧૦ થી ૧૪ કરોડ જેટલી રકમના સહયોગથી જ્ઞાતિની આ મહત્વાકાંક્ષી યોજના સાકાર કરવા વચન આપ્યું પણ છેવટે તેમાં પણ પારોઠના પગલા ભર્યા તેનાં કારણો કે ખુલાસો આ કાર્યક્રમમાં ન મળ્યો તેથી ડોંબીવલીવાસીઓને તથા ડોંબીવલી મંડળના અધિકારી વર્ગે હવે એ નક્કી કરવાનો સમય પાકી ગયો છે કે શું એવું તો નથી ને કે જ્ઞાતિ આગેવાનો ડોંબીવલી મંડળના કાર્યક્રમના મંચનો ઉપયોગ જે રીતે વારંવાર કરી રહ્યા છે તેથી ડોંબીવલીના જ્ઞાતિજનોનું આત્મસન્માન એક પ્રકારે ઘવાય છે? શું ડોંબીવલીના પ્રારંભિક આગેવાનોએ ડોંબિવલીના જ્ઞાતિજનોની પરિસ્થિતિ સુધરે તેમ રાહત પહોંચાડવાની પ્રવૃત્તિ ઓછી કરતાં રહેઠાણ સમસ્યા ઉકેલવા જેવી દીર્ઘકાલીન રીતે મહત્વની પ્રવૃતિ તરફ જવાની જે ભાવના રાખેલી તેનાથી આ પ્રકારની અવહેલના વિસગંત નથી?

શું એવું ન બની શકે ડોંબીવલીના આગેવાનો પોતે જ જ્ઞાતિની રહેઠાણ સમસ્યાનો ઉકેલ સૂચવતી વ્યવહારુ યોજના રજુ કરે?

આ ઘણી મોટી છલાંગ ગણાય પણ ડોંબીવલીના અત્યારના આગેવાનોએ એ વાત ધ્યાનમાં રાખવી રહી કે તેમના મંડળના પ્રારંભકર્તાઓએ સાનુકૂળતા આવે આવી છલાંગ મારવાની તત્પરતા રાખી હતી.

આ સંબંધમાં મહત્વની વાત એ પણ છે કે ડોંબીવલીમાં જગ્યાના ભાવ જ્યારે ચો. ફૂટના ૫૦૦૦ - ૧૦,૦૦૦ વચ્ચે થઈ ગયા છે ત્યારે અહીં જરૂરતમંદોની સંખ્યા ઘટતી જ જવાની છે, કેમકે તેમને હવે બીજા સસ્તા વિકલ્પો તરફ વળવું પડશે.

વધુમાંએ સાચી રીતે કહેવાય છે કે ડોંબીવલીની ભૂમિ જ્ઞાતિ માટે શુકનવંતી છે. અહીંથી ૧૦૦ થી વધુ પરિવારો સમૃધ્ધ થઈ અન્યત્ર વસ્યા છે અને તેમાંના કેટલાક તો જ્ઞાતિ સ્તરે મહત્વના અગ્રિમ દાનવીર તરીકે નામના પામ્યા છે.

આશા રાખીએ કે ડોંબીવલીના જ્ઞાતિજનોનું જાગેલું આત્મગૌરવ સમસ્ત જ્ઞાતિના સમાજજીવનને નવી હકારાત્મક દિશા આપે.

॥ નમામિ જ્ઞાતિ મૈયા ॥

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન

જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

ના કોઈની માથે,
સદા સૌની સાથે

C/o. સેક્રેટરી જનરલ : **ચીમન મોતા** - તન-મન ટુર એન્ડ ટ્રાવેલ્સ : ૧૯-૨૦ મોનાણી સદન,
J. N. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૯૦૩૫૧૪/૫/૬

જ્ઞાતિનું સળંગ ૪થું, સમસ્ત મહાજન દ્વારા આયોજીત પ્રથમ

## જ્ઞાતિ સંમ્મેલન

**પૌષ સુદ ૫,૬,૭ શુક્ર, શનિ, રવિ, ૨૬, ૨૭, ૨૮ ડીસેમ્બર ૨૦૧૪**
**રાયપુર : છત્તીસગઢ**

યજમાન : શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ / મહાજન-રાયપુર
સહકાર્ય : શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ

વિભિન્ન ક્ષેત્રમાં વિશિષ્ઠ સિધ્ધિ પ્રાપ્ત કે જ્ઞાતિ સ્તરે અનન્ય યોગદાન આપનાર જ્ઞાતિજનોને એવૉર્ડ એનાયત કરી, સન્માનવામાં આવશે.

**લાઈફ ટાઈમ એચીવમેન્ટ સમસ્ત એવોર્ડ**

**પ્રદર્શન વેંચાણ મેળો** — જ્ઞાતિના ઉદ્યોગગૃહો, વ્યાપારી એકમો, ગૃહઉદ્યોગો, કુટીરઉદ્યોગો અને વ્યક્તિગત માટે ટોકન એમાઉન્ટથી તેમજ મંડળો, સંસ્થાઓને નિશુલ્ક : સ્ટોલ ફાળવવામાં આવશે.

**મહાજન ટ્રસ્ટ, સંઘ, મંડળ, સંસ્થાઓ વિગેરે માટે મંચ** — જ્ઞાતિને સ્પર્શતી પ્રવૃતિઓ, કાર્યોને વેગ આપવા આપનો સંદેશ જ્ઞાતિ સમ્મેલન સમક્ષ મુકવા, મર્યાદિત સમયની ફાંળવણી વિચારાધીન છે. લેખિત અરજીઓ આવેથી મંચ પુરું પાડવા પ્રયતનશીલ છીએ.

**ઐતિહાસિક અવસરનું સ્મરણિકા સંભારણું** — આ ઐતિહાસિક અવસરે પ્રસિધ્ધ થનાર માહિતીપ્રદ, રંગીન દળદાર સ્મરણિકા ગ્રંથમાં આપ જ્ઞાતિહિતની ઉપયોગી માહિતી, ઐતિહાસિક અવસરો, અલભ્ય ફોટાઓ વિગેરે મોકલાવવા નિમંત્રણ છે. સમયસર માહિતી મળેથી એને યોગ્ય સ્થાન આપવા પ્રયાસ કરાશે.

**ખુલ્લું ચર્ચા સત્ર** — તા. ૨૮.૧૨.૧૪

**યાત્રા** — ઊવ્વસગ્ગહરં સહિત આજુબાજુના તીર્થોની સ્પર્શના

**સમ્મેલન ને ફળદાયી બનાવવા સૌનો, તન - મન ધનથી સાથ સહકાર, સલાહ - સુચન અને સક્રીય સહભાગ અત્યંત આવશ્યક છે.**

## પ્રતિનિધિ

મહાજનશ્રીઓ પોતાની હકુમત હેઠળના વિસ્તારમાંથી એક અથવા દર દસ કુટુંબ દીઠ એક જે વધારે હોય તે પ્રમાણે ગણતરી કરી પ્રતિનિધીઓ મોકલે અને તેની લેખીત વિગતવાર જાણ કાર્યાલયે સત્વરે કરે એવી વિનંતી.

પ્રતિનિધિ તરીકે આવવા ઈચ્છુક જ્ઞાતિજનોએ પણ પોતાના મહાજનશ્રીને, દા. ત. મુંબઈ, રાયગઢ અને થાણા જિલ્લામાં વસવાટ કરતા મુંબઈ મહાજનશ્રીને, કોચીનમાં વસતા કોચીન મહાજનશ્રીને, વડોદરામાં વસતા જ્ઞાતીજનો વડોદરા મહાજનશ્રીનો સંપર્ક કરી, એમની કાર્યવાહીમાં સરળતા અને વેગ લાવી શકે છે.

વધુ માહિતી અને સંપર્કઃ : સમ્મેલન કાર્યાલય - રાયપુર
ફોન : 0771 - 4014188, 2882526

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના દ્વારા યુથ એક્સચેંજના ભાગ રૂપે આવેલા કોઈમ્બતુરના યુવાનોની સારી મહેમાની કરી

કે.ડી.ઓ. યુથ એક્સચેંજના ભાગ રૂપે ઓગસ્ટમાં પુનાના યુવાનો કોઈમ્બતરુના જ્ઞાતિજનોની મહેમાની માણી આવ્યા. તેનું સવાયું સાટું વાળતા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - પુના દ્વારા હાલમાં કોઈમ્બતુરથી આવેલા ૨૧ યુવા પ્રતિનિધિઓની જોરદાર સરભરા કરવામાં આવી હતી.

યુથ એક્સચેંજ કાર્યક્રમ હેઠળ કોઈમ્બતુરથી : ૧. અનીતા હિરાચંદ લોડાયા ૨. હિરલ ભાવેશ શાહ ૩. દીપા જિનેન મોમાયા ૪. પ્રતિમા સુનિલ ડાઘા ૫. દૃષ્ટિ સંજય ખોના ૬. મિતાલી નિલેશ શાહ ૭. શ્વેતા જિતેન દંડ ૮. અશ્વિની ઉપેન દંડ ૯. માનસી કમલેશ શાહ ૧૦. રુષભ જી દંડ ૧૧. ધૈર્ય ભાવેશ શાહ ૧૨ વિશિત લિનિન લોડાયા ૧૩. કુણાલ ધરમશી ૧૪. નયન લિતિન લોડાયા ૧૫. દર્શન ભાવિક મોમાયા ૧૬. હર્ષિક મનિશ મૈશેરી ૧૭. સિધ્ધાંત કમલેશ નાગડા ૧૮. હરીશ લાલકા ૧૯. જિનેશ પ્રદીપ શાહ ૨૦. મનન લાલકા ૨૧. યશ લોડાયા પુના પધાર્યા હતા.

સંઘવતી આ પ્રતિનિધિઓના યજમાન થયા શ્રી ખુશાલ લાલજી મૈશેરી, શ્રી પિયુશભાઈ કે દંડ, શ્રી પ્રશાંત પી લાલકા, શ્રી દિનેશ પી મોમાયા, શ્રી યતીશ એચ. છેડા, શ્રી મિલન એચ પટેલ, શ્રી મિલિન એલ મોમાયા, શ્રી શરદ કે નાગડા શ્રી જયંત ડી નાગડા.

શ્રી સંઘને તરફથી સારી વ્યવસ્થા કરવામાં આવી તેને માટે શ્રીમતી લીલા રાયચંદ નાગડા રૂા. ૧૧,૦૦૦, શ્રી દિનેશ જેઠાભાઈ લોડાયા રૂા. ૫૦૦૦, શ્રીમતી વાસંતી રૂા. ૫૦૦૦, શ્રી મિલન એચ પટેલ રૂા. ૩૦૦૦ અને શ્રી મિલિન એલ મોમાયા રૂા. ૩૦૦૦ એવો ફાળો પ્રાપ્ત થયો હતો, એમ સહમંત્રી સૌ ભાવના ખુશાલ ધરમશીએ યાદીમાં જણાવ્યું હતું. ***(તસવીરો ૧લા કવર પર)***

## લાલા ગામે મળેલી પ્રાચીન મુર્તિઓની મંદિરોમાં પ્રતિષ્ઠા



શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના ઉપપ્રમુખ ગોવિંદજી પટેલને કચ્છ લાલા ગામે મકાનનું સમારકામ કરાવતા ત્રણ ઘોડેસ્વાર મૂર્તિ મળેલ, જેમાંથી બે સંભવતઃ વાછરાદાદા અને મોરપીર દાદાની હશે એવી જાણકારોની માન્યતાને આધારે બન્ને દાદાઓ માટે સંઘવીશ્રી ભાગચંદ દામજી ધરમશી પરિવાર કોઠારાવાલાની પહેલથી બે મંદીર નિર્માણ કરવામાં આવ્યા છે.

આ બન્ને મંદિરોનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભાદરવા સુદ ૭ સોમવાર તા. ૧.૯.૧૪ ના વિનોદ મહારાજ - હિતેશ મહરાજ વારાપધ્ધરવાળાના પુરોહિતપદે યોજાયો. તે વખતે લાલા ગામ અને આસપાસના ગામોના લોકો ઉપરાંત મુંબઈથી શાંતિ જિન જૈન ગ્રુપ - મુંબઈના ભાઈ - બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

હાલમાં લાલા ગામના રાજુ મોમાયા અને બાલુભાઈ આ મંદિરોની સેવા - આરતીનું કામ સંભાળી રહ્યા છે. ગામના મુસ્લિમ ભાઈઓ પણ તેમાં સહાયરૂપ થઈ રહ્યા છે.

## ભાડુપમાં પખાવાજનો અવાજ ગૂંજ ગૂંજ્યો!!!



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજીત તથા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ તથા શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપના સથવારે ઉરના ઉમંગે સંપન્ન થયો.

નાતને ગળથુંથીમાંથી મળેલ આ સંગીત ભક્તિ - ભાવને ઝંકૃત અને જીવંત રાખવા મહાજનશ્રીની હાકલ ને હોંકારો આપી. વડોદરા - આણંદ - ભૂજ- તેરા - સાંયરા- જલગાંવ – વરાડીયા વગેરે ગામોના વિવિધ મંડળો : શ્રી વિમલનાથ પખાવજ ગ્રુપ ૧ - ૨ (૨૪ જણ), શ્રી જિરાવલ્લા પાર્શ્વનાથ ગ્રુપ (૧૨ જણ), શ્રી ક.દ.ઓ. પખાવાજ મંડળ સાંયરા, (૧૦ જણ), શ્રી મહાકાલી મિત્ર મંડળ - ડોંબીવલી (૨૦ જણ), શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ (૧૪ જણ), શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ (૧૦ જણ), એમ આઠ મંડળના પખાવાજ રસીયાઓ પધાર્યા હતા.

આ સાથે એ બેઠકને માણવા સંખ્યાબંધ જ્ઞાતિજનો પધારી પખાવાજ કાર્યક્રમને રાતના ૬ થી ૧૨.૩૦ સુધી અસલી સુર તાલ લયથી પારંપારિક ગીતો, રીત રસમ લટકો - મટકો કરી પ્રેક્ષકોને જકડી રાખતાં આદી આરાધના ભવન અંદર તથા બહાર છલોછલ ભરાયા કોઈ એ ઉઠવાનું નામ સુદ્ધા લીધું નહીં. પ્રથમ સૌ. રસિકોએ આદેશ્વર દાદાની સમુહમાં આરતી - મંગલ દીવો કર્યા. શ્રી કુમાર દંડે સૌને મીઠકો આવકાર આપી. હરીફાઈના નીતિ નિયમોથી વાકેફ કર્યા.

પ્રારંભે શ્રી લહેરચંદ વેલજી મૈશેરીએ ઝાંઝ વજાઈયો. પખાવાજ વજાઈયોં, કચ્છ બોલીની સ્વ રચનાએ પખાવાજની બેઠકના માહોલને ગુંજતો કર્યો લકકી ડ્રો પ્રમાણે સૌ મંડળો શણગારેલા સ્ટેજ ઉપર આવી ૨૦ મિનીટમાં પારંપારિક ગીતોના પદોને તબલાની થાપે, પખાવાજના અવાજે, ભાવવાહી રજૂઆતે, અને પ્રેક્ષકોની તાલીઓ, ઉત્સાહીત અવાજે હોંકારે, પડકારે અને ગૌરથી નવાજેશ કરી પાનો ચડાવતા રહ્યા.

સમય ટુંકો પડયો. જગ્યા ઓછી પડી. સૌ. રસિયા હોઈ પોત પોતાના અભિપ્રાયે નંબર ગોઠવતા રહ્યા! ઈન્તેજારી વધતી રહી અને આ કળાને ન્યાય આપવા જજ તરીકે શ્રી મોતીચંદ લાલજી ખોના, શ્રી કીર્તિ ભવાનજી હરિયા અને ચેતના કીર્તિ હરીયા અને ચાંવતથી હરીફોના નામ જાહેર કરતાં મહાજનશ્રીના માનદમંત્રી શ્રી ચેતનભાઈ મોતા, કુમાર બાબુભાઈ દંડ સાથે વિશેષ મહાનુભાવો દ્વારા આકર્ષક લખાણના મોમેન્ટી હાર શ્રીફળ અને ગૌરવ થાય તે રોકડ રૂા. ના કવરે કદર કરવામાં આવી.

શ્રેષ્ઠ પખાવાજ નં. ૧ મંડળ શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ નં. ૨. શ્રી જિરાવલ્લા પાર્શ્વનાથ ગ્રુપ - તેરા

શ્રેષ્ઠ ગીત રજૂઆતઃ શ્રી ચંદ્રકાંત હીરજી ખોના વડોદરા

શ્રેષ્ઠ તબલા - વાદક, શ્રી રાજેન્દ્ર પીતાંબર ડાઘા - વરાડીયા, શ્રી મણીલાલ શામજી લોડાયા સાંયરા

શ્રેષ્ઠ પખાવાજ વાદક, ૧. શ્રી મુલચંદ દેવશી દંડ - તેરા, શ્રી ચીમનલાલ દેવજી નાગડા - રાપર અને પાંચ વરસના વિવાન પ્રકાશ દંડ મંજલ રેલડીયા ને પણ ઉચિત રોકડ રકમે નવાજે કરાયા પખવાજે શિખરજી કી યાત્રા કયુંનિ કરે ની રજૂઆતે ઉર્મીશીલ થઈ ટી. એમ. ટી. ટૂર ના શ્રી ચેતન મેઘજી મોતાએ હરીફોમાંથી જેમણે શિખરજીની યાત્રા ન કરી હોય તેવાઓને યાત્રા કરાવવાનો લાભ આપવા જાહેરાત કરી. ૧૦ નામ નોંધાતા તેઓશ્રીને યાત્રા કરાવશે.

## પખાવાજ કળાનું સંવર્ધન એ આપણા સૌની ફરજ છે -

***લહેરચંદ વેલજી મૈશેરી (જખૌ-ભાંડુપ)***

કચ્છના (૫૨ - ૪૨) બાવન બેતાલા ગામોમાં પખવાજ વાદન, ભાવ, ભક્તિ, મનોરંજન અને ગળથુથીમાંથી સિંચેલો આ સંસ્કાર વારસો ધાર્મિકતા અને શોખનું આભુષણ હતું. ટાઈમ - પાસનું મનોરંજન હતું.

મુંબઈ મહાજનશ્રીએ દૂરં દેશી વાપરી પખાવાજને ઓકિસજન પુરું પાડયું છે! સક્રિય પ્રયાસો એ એમાં પ્રાણ પૂરી એ કળાના રસિયાઓને આશ્વાસન આપ્યું છે.

અનુસંધાન ૧૦માં પાને નીચે

## ઓછા શબ્દોથી કામ ચલાવીએ

- કાજલ ઓઝા-વૈદ્ય

વનિતા



વિશ્વ

'મારે જીમ જવું છે' સવારના બ્રેકફાસ્ટ ટેબલ પર રાજીવે પોતાના સ્હેજ બહાર આવી ગયેલા પેટ પર હાથ ફેરવીને કહ્યું 'કાલથી મારી રોટલીમાં ઘી નહીં લગાડતી.'

'એવું કંઈ નથી વધ્યું' કહીને વૈશાલી પ્લેટમાં પડેલો ટોસ્ટ ઉઠાવીને બટર લગાડવા માંડી.

'આ હું નહીં ખાઉં' કહીને રાજીવે ડબ્બામાંથી ખાખરો કાઢયો, 'આજથી જ સ્ટ્રીક્ટ ડાયેટ'

'કેમ?' વૈશાલીએ ટોણો માર્યો, રાતોરાત કોન્શિયસ થઈ ગયા? કોના માટે યંગ દેખાવું છે તમારે વૈશાલીના આ બે વાક્યો પૂરાં થાય એ પહેલાં ડાઈનિંગ ટેબલને ધક્કો મારીને રાજીવ ઊભો થઈ ગયો..... ખાખરો અને ટોસ્ટ બંને પ્લેટમાં પડી રહ્યા!

સામાન્ય રીતે પુરૂષને મ્હેણાંટોણાં સાંભળવાની આદત નથી હોતી. જોકે આમાં કેટલાક પુરૂષો અપવાદ છે. એમને મ્હેણાંટોણાં સાંભળવાની કે મહેણાં મારવાની બેઉ પરિસ્થિતિમાં મજા આવતી હોય છે. જોકે, મોટાભાગના પુરૂષો આવી શબ્દરમતથી દૂર ભાગે છે. સામાન્ય રીતે પત્ની એમ માને છે કે પતિ એને પોતાના મૂડ પ્રમાણે નચાવે છે. વાત કદાચ સાચી હોય તો પણ, ક્યારેક જેને ચાહતા હોઈએ એના મૂડને એડજસ્ટ કરવામાં શું પ્રોબ્લેમ હોઈ શકે?

પરિસ્થિતિ સુધરે એ વધુ અગત્યનું છે, પ્રયત્ન કોણ કરે છે? એ વિશે હુંસાતુસી કરવાનો શું અર્થ હોય છે? સામાન્ય રીતે પુરૂષનો ઉછેર, ખાસ કરીને ગુજરાતી ઘરોમાં એક સ્પેશયલ બાળક તરીકે કરવામાં આવે છે. દીકરાને બહુ ધામકાવવામાં નથી આવતો.એના ગમા - અણગમાની, ભાવ-અભાવની કે એના મૂડઝની કાળજી લેવામાં આવે છે. મોટાભાગના માતાપિતા-ખાસ કરીને મા, પોતાના દિવસનું શિડયુલ અને મેનુ બંને ઘરના દીકરાના મુડ અનુસાર બનાવે છે.

આ ઉછેરનો કારણે ધીરે ધીરે બાળકમાંથી પુરૂષ બનેલી વ્યક્તિ એમ માનવા માંડે છે કે એના મૂડની આસપાસ રચાયેલી દુનિયા એના પરિવારે એ જ રીતે જાળવવી જોઈએ.

વ્યવસાય કરતો કે નોકરી કરતો પુરૂષ બહુ સ્વાભાવિક રીતે પોતાના પ્રોફેશનલ ટેન્શન ઘરમાં કાઢી નાખતો જોવા મળે છે. પત્નીને ગમે ન ગમે તો પણ પતિના ગમા-અણગમાની કાળજી લેવી પડે છે, મોટે ભાગે-મોટાભાગના ઘરોમાં. આ પરિસ્થિતિ માત્ર પત્ની માટે જ હોય છે. જો પતિ ગુસ્સામાં અને એ જ વખતે કોઈ મહેમાન આવે તો મૂડ બદલીને દંભ કરતા પતિને સામાન્ય રીતે વાર લાગતી નથી.

એવી જ રીતે પોતાની સહકાર્યકર સ્ત્રીઓ કઝીન્સ કે પરિવારની સ્ત્રીઓ સાથે પોતાના ગુસ્સા પર પુરૂષ સામાન્ય રીતે કાબૂ રાખી શકે છે, કાબૂ રાખતો જોવા મળે છે! પુરૂષનો આ સેલ્ફ કંટ્રોલ અથવા પોતાના મૂડ સાથે ડીલ કરવાની આવડત પત્ની સાથે કામ પાડતી વખતે સામાન્ય રીતે ક્યાંક ગુમ થઈ જાય છે. મોટાભાગની પત્નીઓની એવી ફરિયાદ હોય છે કે, બીજા સાથે હસીહસીને વાત કરે છે પણ મારી સાથે તો છણકા જઆ સાચું છે એમ કહેવાનો

**પખાવાજ કળાનું સંવર્ધન એ આપણા સૌની ફરજ છે** (૯માં પાનાથી ચાલુ)

આ બેઠકે સંખ્યાબંધ ગામોની ગેરહાજરી સુચક હતી. જે જીત્યા કે જેમણે ભોગ લીધો તેઓશ્રી પોતાના ગામ કે સ્થાનિકે પખાવાજે થોડા ઘણાં અંશે જાગૃત રહી વરઘોડે કે રાત્રિ જાગરણે પખાવાજને જીવંત કરે છે.

આ એક એવી કળા કે કોઈએ ગીત ગાવા કે પખાવાજ તબલા કે હારમોનીયમ વગાડવા ક્લાસ નહોતા ભર્યા. વડીલો ગાતા - વગાડતા અને યુવાનો આ કલાને સહજ હસ્તગત કરી લેતા.

આપણાં જ્ઞાતિજનો મોસમ કોઈ પણ હોય કાયમ એ માટે બારમાસી રહેતા. પૂજા કોઈ પણ હોય ઝાંઝ, તબલા અને હારમોનીય વગર અધુરી રહેતી!

પખાવજના અવાજને જીવંત રાખનાર એવા સૌ રસિકજનોને વંદન. મુંબઈ મહાજનશ્રીની તથા અન્ય આયોજક સંસ્થાઓની અનુમોદના.

ઉદ્દેશ નથી, પરંતુ આ પરિસ્થિતિ સાથે કામ પાડવું એ સ્ત્રીની આવડતનો એક પ્રકાર હોવો જોઈએ. પતિના આવા મૂડ સ્વિંગ્ઝને કેવી રીતે હેન્ડલ કરવા એ આવડી જાય તો આ મૂડ સ્વિંગ્ઝમાંથી પતિને કે જીવનસાથીને બહાર કાઢી શકાય છે એટલું જ નહીં પરિસ્થિતિ પર સંપૂર્ણપણે પોતાના કંટ્રોલ મેળવવો એક સ્ત્રી માટે અઘરો નથી!

આપણે બધા જ એકશન અને રિએકશનના ચેઈન સીકવન્સથી ટેવાયેલા છીએ. કોઈ જોરથી બોલે તો આપણે જોરથી બોલી દેવું, કોઈ ગુસ્સે થાય તો સામો ગુસ્સો કરી દેવો, કોઈ મગજ ગુમાવે એટલે આપણો મગજ કાબૂ ન જ રહી શકે આવી આપણી બધાની સામાન્ય પ્રકૃતિ છે. આ પ્રકૃતિ સ્ત્રીને પોતાનો કક્કો ખરો કરતા અટકાવે છે!!!

સાચું પૂછો તો પુરૂષ બહુ સહજ અને સરળ પ્રકૃતિ ધરાવતું પ્રાણી છે. એને કોઈ કારણ વગર કોમ્પ્લિકેશન્સ ઊભા કરવાં ગમતા નથી. 'સ્ટેટસ કો' સિચ્યુએશન પુરૂષ માટે ઉત્તમ સિચ્યુએશન છે. કંઈ જ બદલ્યા વગર જો રોજિંદા પ્રવાહમાં રોજિંદી જિંદગી ચાલ્યા કરે તો સામાન્ય રીતે પુરૂષ બહુ નિરાંતે જીવી શકે છે. એની જિંદગીના ઉતાર-ચઢાવ એના ઈમોશનલ નહીં પણ વ્યવસાયિક જીવન સાથે સંકળાયેલા ઉતાર-ચઢાવ હોય છે. ઝઘડો કરીને નીકળેલો પુરૂષ ઓફિસમાં જઈને તરત સ્વાભાવિક થઈ શકે છે, પરંતુ સવારે ઘરમાં ઝઘડો થયો એ વાત સ્ત્રીને આખો દિવસ ઈમોશનલી બિઝી રાખી શકેછે.

એવી જ રીતે સાંજે પાછો આવેલો પુરૂષ કદાચ સવારનો ઝઘડો ભૂલી પણ ગયો હોય પણ સ્ત્રી એ ઝઘડો ભૂલતી નથી, ભૂલી શકતી નથી, કદાચ! ઝઘડો થાય-મન ઊંચાં થાય, મતભેદ થાય, દલીલો થાય એ કોઈપણ યુગલ માટે સામાન્ય પરિસ્થિતિ છે સ્ત્રી માટે આદર્શ સંબંધ અટલે રોમેન્ટિક સંબંધ! સતત ચાલ્યા કરતા રોમાન્સમાં સ્ત્રીને ક્યાંય ખાડો કે બમ્પ નથી જોઈતા, જ્યારે પુરૂષ માટે રોમાન્સની પરિસ્થિતિ એ ખાડા ને બમ્પ જેવી છે. રોજિંદા જીવનમાં આવા રોજિંદા રોમાન્સ સાથે પુરૂષ કમ્ફર્ટેબલ નથી હોતો.

વાતાવરણ ટેન્શન ફ્રી હોય, કે પછી વાતાવરણને ટેન્શન ફ્રી કરવાનો પ્રયાસ હોય- સામાન્ય રીતે પુરૂષ એક જ વાર આ પ્રયાસ કરી શકે છે. એ વખતે જો આ પ્રયત્નને તોડી પાડવામાં આવે કે જૂની વાત યાદ કરીને એ પ્રયત્નને કોઈપણ સ્વાર્થ પ્રકારનું લેબલ લગાડવામાં આવે તો પુરૂષ પ્રયાસ પડતો મૂકે છે એટલું જ નહીં પણ બીજી વાર પ્રયત્ન કરતાં પહેલાં વિચાર કરે છે!

પતિ અથવા જીવનસાથીના મૂડ સ્વિંગ્ઝને કંટ્રોલ કરવાનો સરળ ઉપાય જાત ઉપર કંટ્રોલ કરવાનો છે. જીભને કાબૂમાં રાખવાનો છે. પરિસ્થિતિ સુધારવાના પ્રયાસમાં સહકાર આપી શકાય તેમ ન હોય તો પણ એને વધુ બગડતી અટકાવવા માટે જીભ ઉપર કાબૂ રાખવો અનિવાર્ય છે, આવું દરેક સ્ત્રીએ સમજવું જોઈએ.

પુરૂષ સાથેના સંબંધને જો સતત રોમેન્ટિક રાખવો હોય તો એ માટેનો આગ્રહ પડતો મૂકીને પ્રયાસ શરૂ કરવો જોઈએ. જે સ્ત્રી પોતાના પતિ, પુત્ર કે પિતા સાથે ઓછા શબ્દોમાં કામ પડતા શીખી જાય એનો માટે મુડ સ્વિંગ્ઝના ઉતાર-ચઢાવ પ્રમાણમાં સરળ બની જાય છે.


Since 1984...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**
**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**




## મા-બાપની સમસ્યાઓ

નિઃસંતાન કે માત્ર પુત્રીવાળા કે.ડી.ઓ. મા-બાપની સમસ્યાઓ શિર્ષક હેઠળ ભાઈશ્રી રતિલાલ વાલજી ખોનાનો લેખ પ્રકાશ સમીક્ષામાં વાંચ્યો.

નિઃસંતાન હોવું એ કુદરતી છે, નોકરી કરવાવાળા દંપતિઓ લેટ સંતાન ઈચ્છે છે એટલે ઘણા કેસમાં સંતાન નથી થતા.

એક દીકરી હોય કે બે દીકરા વડીલોને એકલા રહેવું પડે છે. દીકરાઓ નોકરી માટે વિદેશ અથવા બહારગામ રહે છે તો વડીલોને એકલા રહેવું પડે છે.

એક દીકરી હોય તો જમાઈને ઘર-જમાઈ બનાવીને રાખવું એ યોગ્ય નથી. સ્વાભિમાની દીકરાઓ ઘર-જમાઈ બનીને રહેવા નથી માંગતા. દીકરાઓને પણ વડીલો સાથે રહેવાનું ગમે છે. સગાઈ થઈ ગયા પછી દીકરીઓ ભાવિ-પતિને પોતાના ગામમાં, ઘરમાં રહેવા કહે છે, યુવક ના પાડે તો સગપણ છુટા થાય છે.

આજના આધુનિક યુગમાં સર્વ સુવિધાઓ છે. વડીલો ભણેલા છે. સીનીયર સીટીઝનને અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે. પોલીસ પ્રોટેકશન મળે છે. પૈસો હોય તો સેવા માટે નર્સ મળે છે. ક્યારેક ઘરના લોકો પણ સેવા નથી કરતા અથવા નથી કરી શકતા.

આધુનિક સુવિધાઓથી સજ્જ વૃધ્ધાશ્રમો બન્યા છે. હર એક સુવિધા ઉપલબ્ધ છે. ડિપોઝિટ ભરીને ત્યાં પણ રહી શકાય છે. ઘરમાં ન મળે એટલી સુવિધાઓ ત્યાં મળે છે.

આજના યુગનાં વડીલોઓ એ પોતાને લાચાર ન સમજવા જોઈએ.

***- સૌ.ખમા(પૂનમ) પ્રફુલ્લ મોમાયા-નાગપુર***

## સ્ત્રી હજીયે પૂછે છે મારૂં સ્થાન ક્યાં?

વડોદરાથી હું અને મારા પત્નિ શંખેશ્વર જતા હતા, ડાયરેક્ટ બસ ન હોવાથી અમદાવાદ બદલી કરી બસમાં બેઠા. અમારી પાછળની સીટ પર એક બેન બેઠા હતા. બસ ઉપડવાની વાર હતી. એટલામાં એક બેન અને ભાઈ બસમાં આવ્યા ને જોર જોરથી અમારી પાછળ બેઠેલી બેનને કહ્યું તું પાછી ચાલ, 'તું નીચે ઉતર, એમ ભાગી ન જવાય.'

બેને નમ્રતાથી જવાબ આવ્યો, 'મારે નથી આવવું, શંકાની સોય પર કેટલા દિવસ જીવાય. આ એક વખતનું નથી, સ્ત્રીની માન મર્યાદા ન જળવાય ત્યાં રહીને શું કરું. હું પિયરમાં જાઉં છું' આવનાર બહેને સણસણતો જવાબ આપ્યો: 'પિયરમાં ભાઈ ભાભીના રાજ છે. સમજી?' 'મા-બાપ અને ભાઈ ભાભી નહીં રાખે તો 'મારૂં ગમે ત્યાં ફોડી લઈશ' પણ તમારે ત્યાં નથી રહેવું.'

બોલાચાલી ચાલતી હતી ત્યાં કંડકટરે ઘંટડી વગાડી. આવનાર ભાઈ બહેન બસમાંથી ઉતરી ગયા. બસ આગળ વધી. થોડી વાર પછી મેં પાછળ વળીને જોયું તો બેન રડતા હતા. કદાચ મનમાં વિચારતા હશે, 'હાણે હિંચકો કેદા બંધીયા. ન ઝાડ, ન ડાળ' મેં એમને આશ્વાસન આપ્યું ત્યારે રડતા હૃદયની અનેક વહેવાર જગતની વાતો કરી. મનને હળવું કર્યું. વિરમગામ આવ્યું બેન ઉતરી ગયાં. હું વિચારોમાં અટવાયો.

વાટ નેરે વગર પાછો ફરે ઉ ચોવાજે સબંધ,<br>
પણ અજ દઠો સબંધ પીંજરો તોડેને<br>
થીયેતો અલગ

કેટલી પીડા હશે એ બેનને? જુની નવી પેઢીના વિચાર ભેદ અને સંઘર્ષોથી આવી પરિસ્થિતિ સર્જાય છે.

ગામડાઓ છોડો પણ મીડલ શહેરો અને મહાનગરોમાં જ્યાં શિક્ષણની સારી સગવડ છે ત્યાં સ્ત્રી પૂછે છે કે મારો ખૂણો ક્યાં? આ માટે જવાબદાર મારું શરીર-સ્વભાવ કે નસીબ કે પુરૂષ પ્રધાન માળખું?

શક્તિનું કોઈપણ રૂપ હોય-નારી કે પ્રકૃતિ આદિ કાળથી તેના સૌંદર્યનાં ગીત ગવાતાં રહ્યા છે. વેદથી માંડીને સમસ્ત વિશ્વ સાહિત્ય તેનું સાક્ષી છે. આમ છતાં હજી પણ ઘણી વાર તેનું બીજું પાસું શોષણ રૂપે પણ દેખાય છે.

ઈતિહાસ આ વાતની કથા સંભળાવેછે. જ્યારે જ્યારે નારી અને પ્રકૃતિ, સંરક્ષિત અને પોષિત થયા છે ત્યારે ત્યારે જીવનનું સૌંદર્ય વધ્યું છે. તેનાથી ઉલટું જ્યારે જ્યારે તેનું સ્થાન શોષણે

લીધું, ત્યારે નિશ્ચિતપણે નારી અને પ્રકૃતિનો શૃંગાર નષ્ટ થયો છે અને જીવનનું સૌંદર્ય પણ.

૨૧મી સદીના ૧૪ વર્ષ વીતી જવાં છતાંય નારી અને પ્રકૃતિ બન્ને શોષણથી પર નથી.

**ચંદ્રકાન્ત ખોના (સાંચરા-વડોદરા)**
**૯૩૨૭૨૪૯૦૫૧**

## આપણી અક્ષમ્ય બેદરકારીનો એક જબરદસ્ત પુરાવો

મેડિકલેઈમની વીમા કંપનીની વિવિધ યોજના પ્રત્યે આપણો સામાન્યજન ઘોર ઉપેક્ષા સેવે છે. કહી કહી થાકીએ તો ય પેપરવર્ક ના કરે, ચેક ભરે નહીં, અને પછી માંદગીમાં પટકાય એટલે તેને માથે હાથ દઈ રોવાનો વારો આવે!

સાદી સરળ યોજના માટે ફોર્મ ભરી આપો એટલે પત્યું. ટ્રસ્ટી મહાશયો, અધિકારી વર્ગ તમારા વતી ચેક ભરી દે. તમારા મોઢામાં કોળીયું નાંખી દે!

આવું બધું કર્યા છતાં આપણાં કુલ ૫૦૦૦ કુટુંબમાંથી ફક્ત ૧૦૦૦ જેટલા પરિવારો જ મેડીકલેઈમ યોજના હેઠળ પોતાની જાતને આવરી શક્યા છે, તે ખરેખર દુઃખદ છે.

અને પછી દોડયા ટ્રસ્ટોની ઓફીસો, દાતાઓનો આંગણો અને જ્યાં ત્યાં હાથ લંબાવવાનો વારો આવે તે સ્વીકાર્યે જ છુટકો. આવી અવળી પરિસ્થિતિ ન સર્જાય, ટ્રસ્ટો પર, સંસ્થાઓ પર વ્યક્તિગત દાતાઓ ઉપર મોટો બોજો આવી ના પડે, તે માટે મેડિકલેઈમનું કામ કરતી વ્યક્તિનો સંપર્ક કરી વહેલી તકે પોતાની જાતને પોતાના કુટુંબને કવરેજ આપાવીએ તો?

આજે વાર્ષિક બોજો રૂપિયા ૪૦/૫૦ લાખનો લઈ બેઠેલું નરશી નાથા મેડિકલ એન્ડ ટ્રસ્ટ એ અડધાથી વધારે પૈસા, આવા મેડીકલેઈમ યોજના હેઠળ નહીં, આવરેલા કુટુંબો માટે ખર્ચી નાંખવા પડે છે, જે કદાચ બચાવી વધારે જરૂરતમંદને મદદરૂપ બનવામાં વાપરી શકાય તેમ હતું.

આજે શુષ્ક માણસોએ જાગતા રહેવાની જરૂર છે. સેવાભાવી કાર્યકરો વારંવાર તમને કહેવા આવે, તમને વિનંતી કરે, ચાલો બાપા, વીમા યોજના હેઠળનું ફોર્મ ભરો એવી દયનીય, અસ્વીકાર્ય પરિસ્થિતિને ત્યજીએ અને ચાલે, સર ઉઠાકે જીયેં.

આપણે રહ્યાં વાણીયાના બચ્ચા પાણી વહી જાય એ પહેલાં પાળ બાંધવામાં એક્ષપર્ટ. આગ લાગે ત્યારે કુવો ખોદવા ના જ જઈએ. કોઈની દયા જ ખાવી નહીં પડે, સર ઉઠાકે ચલે નો મંત્રને સચોટ સ્વીકારી એક નાનીશી ફોરમાલીટી તરફ આંખ આડા કાન ના કરીએ તો?

તો.... તો..... શું આપણાં સમાજના લાખો રૂપિયા બચી જાય અને તેને સમાજના અન્ય રચનાત્મક કાર્ય તરફ એ ફંડને વાળી શકાય એવી સરસ વાટ આપણને મળી જાય.

આજે આપણો ગર્વમય સમાજ આપણાં માટે શું કરી શકે છે તેવું પૂછતાં આપણે ફક્ત આ નાનોશો પેપરવર્ક પુરૂં કરી, તેમને રૂબરૂ મળી આપણાં પરિવારના સર્વે સભ્યોનાં મેડિકલેઈમું કવરેજ કેમ ના મેળવી શકીએ?

આ તીખો પણ શીખામણ ભર્યો પત્ર કોઈ એક વ્યક્તિને ઉદ્દેશીને લખાયો નથી. કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવી નહીં, પણ કોઈ ભુલ કરતું હાયે તો તેને સુધારવાની એક વધુ તક સમજી સમાજ પરના મેડિકલ ખર્ચનો બોજો આપણે સૌ કોઈ ઘટાડીએ.

આવી અક્ષમ્ય બેદરકારીને આજથી જ તિલાંજલિ આપીએ તો?

**કુલીનકાંત ચાંપશી લુઠીયા**
**૯૮૨૦૦૩૯૪૬૯**

**શ્રી હિરાચંદ દંડ ફિલ્મ-ટીવી પ્રોગ્રામ નિર્માતાઓની સંસ્થાના પ્રમુખ પદે**



જ્ઞાતિના અગ્રણી સમાજસેવક અને કે.ડી.ઓ. કલાસીકના વર્તમાન પ્રમુખ ઈન્ડિયન કાઉન્સીલ ઓફ ઈમ્પેક્ષ ફોર ફિલ્મ એન્ડ ટીવી પ્રોગ્રામર્સ સંસ્થાના પ્રમુખ પદે નીમાયા છે.

**પ્રકાશ સમીક્ષાના અભિનંદન.**


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા
92234 25676

## સાંધામાં સોજો - આર્થ્રાઈટીસ - ૨

ડો. વીરચંદ લખમશી નાગડા BBS. - Bom મો. ૯૮૨૧૩૮૫૬૫૨

**કસરત અને ઉપચાર :** ઘુંટણનો સંધીવાત ઘણા લોકોને હોય છે તેથી તેની કસરતો જોઈએ. કસરતો જાતે ઘરમાં કરવાની છે. વધારે સમય નહીં લાગે તેમજ ખર્ચ પણ નહીં લાગે. આ કસરતો કરવાથી દુઃખાવો ઘટશે.

૧. પગ જમીન પર અડે નહીં તે રીતે ઉંચે ખુરશી કે ટેબલ પર બેસો અને પછી પગ ઊંચો કરો, સાથળના લેવલ પર લાવો અને પાછો મૂળ સ્થિતિમાં લાવો. આ રીતે બન્ને પગને ઘુંટણથી ઊંચા કરવાના અને નીચે મૂળ સ્થિતિમાં લાવવાના શરૂમાં ૧૦ વાર સવારે, ૧૦ વાર બપોરે અને ૧૦ વાર સાંઝે કરો. ધીરે ધીરે સંખ્યા વધારો. કસરત પછી ઘુંટણની આસપાસ હળવે હાથે સરસિયા તેલની માલીશ કરો.

૨. જમીન કે સોફા પર / બેડ પર પગ લાંબા કરી ઘુંટણ નીચે વીંટેલો ટુવાલ કે વીંટેલી ચાદર મૂકી બન્ને હાથથી ઢાંકણી (પટેલા) દબાવો અને છોડી દયો. સવારે, બપોરે, સાંજે કરો. ૧૦ થી શરૂ કરી વધારો. પછી ૧૦ મિનિટ ગરમ શેક અને અડધા કલાકે બરફનો સેક કરવો.

૩. બારી પાસે ઊભા રહી એક હાથે બારીના જાળી / સળિયો પકડી એક પગને તાલી બીજા હાથે ઘૂંટીથી પકડી રાખો આ સ્થિતિમાં ઉભા રહી ૫૦ સુધી અંક ગણો. પગને ખેંચવા દુઃખશે પણ ચિંતા ન કારો.

૪. બારી નજીક ઊભા રહી, હાથથી બારીની જાળી પકડો, ડાબો પગ જમીન પર અને જમણો પગ ઘુંટણ પર ટેકવી ૨ થી ૩ મિનિટ ઊભા રહો. આમ ૪ બીજા પગ (જમણ પગ) પર ઉભા રહી કરો. મહાવરો થયા પછી બેલેન્સ જાળવી શકો તો જાળીનો આધાર છોડીને બન્ને હાથ જોડી (પ્રાર્થના મુદ્રા) કરવાની કોશિષ કરો.

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**

૫. બન્ને ઘુંટણ, બન્ને ઉલ્ટી પાની અને બન્ને હાથ જમીન પર અડકે એમ - બાળકને પીઠપર બેસાડી ઘોડો ઘોડો રમાડીએ, એ સ્થિતીમાં - શરીરને રાખી, ફક્ત પગની આંગળીઓ અને હથેલીના જોર પર તમારા બન્ને ઘુંટણને જમીનથી ૧ ઈંચ ઉંચા કરો આ સમયે બન્ને હાથને કોણીએથી વાળો ૧ થી ૧૦ ગણો અને ઘુંટણને જમીન પર મુકો. આ કસરત ધીરે ધીરે વધારી ૨૦ વખત કરો.

૬. દિવાલ નજીક ઊભા રહી, પગને થોડા પહોળા રાખી પીઠ દિવાલને અડાડી, જાણે ખુરશીપર બેઠા હોઈએ એમ શરીરને એ મુદ્રામાં રાખો. શરૂમાં ૧ મિનિટ પછી સમય વધારતાં ૫ મિનિટ સુધી કરો.

૭. જમીન પર ચત્તા સુઈ, બન્ને પગને ઘુંટણથી ઊભા પગ રાખો, માથુ, પીઠ અને પગના તળીયા જમીનને અડે એમ રાખી નિતંબને જમીનથી ઉપર ઉચકો. બન્ને હાથને અદબવાળી છાતી પર રાખો. શરૂમાં ૫ વખત અને ધીરે ધીરે વધારી ૨૦ વખત કરો.

૮. પગ લાંબા કરી જમીન પર બેસો. ઊંડા શ્વાસ લઈ પગના આંગળાને હાથની આંગળી અડકાવાનો પ્રયત્ન કરો. જરૂર લાગે તો ઘુંટણને થોડા વાળો શ્વાસ છોડો ૫ વખત કરે.

ઉંમર ગમે તે હોય કસરત કરશો તો ફાયદો ઘણો થશે. આપેલ સંખ્યા મુજબ આ કસરત ૩ વખત દિવસમાં કરો. દરેક દરેક કસરત થાય તો સારું જ પણ ન થાય તો જેટલી ફાવે તેટલી અને જેટલી વખત થયા તેટલી કરો. કસરત કરશો તો ઓપરેશનથી બચી જશો. દોડવાની કસરત નિયમિત કરનારને ૯૦ ટકા સાંધાનો વા થતો નથી. ઘુંટણ માટે વજ્રાસન ઉત્તમ આસન છે.

મેથીના ૧૫ - ૨૦ દાણા રાત્રે પાણીમાં ભીંજવી રોજ સવારે મેથી દાણા ચાવી જાવાઅને તે પાણી પણ પી જવું

૪ અખરોટ ખાઓ.

૩ - ૪ ચમચી ઓલીવ ઓઈલ લ્યો એમાં રહેલ એમેગા - ૩ ફેટીએસીડથી સાંધોની ઘસારો ઓછો લાગે.

પાઈનેપલની ૫ સ્લાઈઝ ખાઓ. એમાં રહેલા બ્રોમેલીન નામના એન્ઝાઈમ ફાયદો કરશે.

કોમનહેગન ખાતેની યુનિવસીર્ટીમાં થોડા વર્ષો પહેલાં આર્થીઈટીસ ૨૦૦ દર્દીઓ પર ૧ પ્રયોગ કર્યો તેમને દરરોજ સવારે ખાલી પેટે ૧ ચમચો શુધ્ધ મધ, નાની ચમચી તજ પાવડરને ભેગું કરી સીરપ બનાવી પીવરાવ્યું. એકાદ અઠવાડીયામાં ૭૩ ટકા દર્દીઓનો દુઃખાવો મટી ગયો અને ૧ મહીનામાં તો લગભગ બધા દર્દીઓ જે ચાલી શકતા નહોતા તેઓ વગર દુઃખાવે મટી ગયો અને ૧ મહીનામાં તો લગભગ બધા દર્દીઓ જે ચાલી શકતા નહોતા તેઓ વગર દુઃખાવે ચાલતા થઈ ગયા હતા.

સાંધામાં સોજો હોય ત્યારે ઓલ્ટરનેટીવ હીટ અને કોલ્ડ થેરપી કરો. ૧૦ મિનિટ ગરમ પાણીનો શેક પછી અડધા કલાકે બરફનો શેક કરી શકો વળી અડધા કલાકના ગેપ પછી ગરમ શેક કરી શકાય. આમ વારાફરતી ગરમ અને ઠંડો સેક કરવાથી સાંધામાં સોજો ઘટશે અને દુઃખાવો ઘટશે.



**હાર્દિક અભિનંદન**
**શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર**
**કોઠારા - કચ્છ,**
**હાલ વર્ધમાન નગર - કચ્છ**

**આપશ્રીની કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજનાં પ્રમુખપદે સર્વાનુમતે વરણી થવા બદલ ખૂબ ખુબ અભિનંદન...**

**: શુભેચ્છક:**
**માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર**
**કોઠારા - કચ્છ**
**સૌ. પ્રેમીલા હરીશ મુનવર - અમદાવાદ**
**સૌ. જયા પ્રબોધ મુનવર - ભુજ**
**સૌ. રેવન્તી ચન્દ્રકાંત મુનવર - ભુજ**
**સૌ. હર્ષા દીપેશ મુનવર - ભુજ**
**સૌ. દિશા જીગેશ મુનવર - ભુજ**
**સૌ. પ્રિયંકા ઉમેશ મુનવર - અમદાવાદ**
**સૌ. રિયા અજેશ મુનવર - અમદાવાદ**
**હિનલ, કર્મ - કનિષ્ક**

અમુક જણા આયુર્વેદિક પાવડર ગોળીઓ વગેરે લે છે એમાં જો સ્ટેરોઈડ હોય તો એ શરૂમાં ફાયદો તરત જ કરશે પણ પછી ધીમે ધીમે નુકશાન થશે. સાંધાની તકલીફ તો રહેશે જ પણ સાથે શરીરમાં બીજી બિમારીઓ ઘર કરી જશે, માટે ખાતરી વગર એવા પાવડર ગોળીઓ ન લ્યો. સુગ ન હોય તો શિવામ્બુ લ્યો જેમાં કુદરતી સ્ટેરોઈડ હોય છે. તે લેવાથી ધીરે ધીરે ફાયદો થશે. આદુ, મેથી, જેષ્ઠીમધ, ગોખરૂ, રાજગરો આ બધી ચીજોમાં કુદરતી સ્ટેરાઈડ છે એ બધાથી પણ ધીરે ધીરે ફાયદો થશે.

ઘંઉના દાણા જેટલો ચુનો નગરવેલના પાન સાથે કે ફળના રસ સાથે નિયમિત લેવાથી સંધિવાતમાં ફાયદો થાય છે. સરગવાની સીંગને બાફી એનો સુપ રોજ પીવાથી ફાયદો થશે. એક ખાત્રીવાળો પ્રયોગ કરો. નાના ૪ અથવા મોટા ૩ ભીંડા રાત્રે શાક સમારી તેમ નાના ટુકડા કરી પાણીમાં ભીંજવી રાખો, અને સવારે ખાલી પેટે એ કાચા ભીંડા ખાઈ અને પાણી પણપી જવું. ચમચાથી ખાઓ કેમકે એમાં લાળ જેવી ચિકાસ હશે. ત્રણેક મહિનામાં ચોક્કસ ફાયદો જણાશે. આ ભીંડાનો પ્રયોગ સચોટ છે. જોઈન્ટ રીપ્લેસમેન્ટ નું નિદાન થયેલ તેવા દરદીઓને આ પ્રયોગ પછી એક્સરે કઢાવી જોતાં રીપોર્ટ સારા જણાયા છે. તેથી ચિકાસવાળૂં પાણી અને કાચા ભીંડાનો કંટાળો કર્યા વગર પૂરા વિશ્વાસથી આ પ્રયોગ ચાલુ રાખો.

ઘરના કામ, સેવાના કામ કરવાથી હલનચલન સાથે આપણને પોતાને પણ સંતોષ થશે અને ફાયદો થશે. દરેક બિમારીમાં પોઝીટીવ થીંકીગ રાખવાથી ફાયદો થાય છે. આશાવાદી બનો, આધ્યાત્મિક, સારી ભાવનાવાળું જીવન જીવીએ તો શરીર પર એના સારા પરિણામ થાય છે. અને કોઈપણ બિમારીની તકલીફ ઓછી થાય છે.

**કોઠારા સ્થાને મા ચામુંડાને નમતા મૈશેરી કૂળના પરિવારો જોગ**

**સ્થાનકે કા. સુ. ચૌદશ તા. ૫.૧૧.૧૪ અને પુનમ તા. ૬.૧૧.૧૪ના યોજનાર પહેડી પ્રસાદનો લાભ મા ભક્ત શ્રી જયંતીલાલ મુરજી મૈશેરી કોઠાર - માંડવી (બાબુ - બંગાલી) પરિવારે લીધો છે.**

**ભાવિકોને પહેડીમાં પધારવા વિનંતી.**
**ચામુંડામા પહેડી પ્રસાદ કમિટી**

## ટૂંકી વાર્તા : બા અમર છે......

'**બા**, ગઈ!' આટલું બોલી ત્યાં તો ચપટી ડૂસકુંય વહી આવ્યું. મન તો ઘણુંય માર્યું, પણ આંસુ તો...સાચું કહું છું, મને ખબર જ ન પડી કે આંસુ ક્યાંથી નીકળી આવ્યાં. અને શું કામ? એ પણ નક્કી ન કરી શકી હું કે આમાંના ક્યાં હરખનાં હતાં ને ક્યાં શોકનાં? કેવું છે આ? બધું આપણામાં ને આપણને થતું હોય છે, પણ આપણને જ ખબર પડતી નથી.

નિલયને ફોન પર કહ્યું, તે પછી તો ફોન પકડીને બેસી જ રહી, સામેથી નિલય 'હલો, હલો'કરતો રહ્યો, પણ શું બોલવું તે સમજાયું જ નહીં. ફોન મૂકી દીધો. સામેથી રિંગ આવી.

'હલો!'

'શું થયું? બોલતી કેમ નો'તી?'

'થયું કંઈ નથી! બા, ગઈ!'

'ક્યારે?'

'હમણાં જ, પાંચેક મિનિટ પહેલાં.'

'ઓ.કહું નવસારી જાઉં છું. બે'ક કલાકમાં આવી જઈશ.'

'ન અવાય તો ચાલશે. દોડદોડ ન કરતો.'

'તારી પાસે કોઈ માણસ તો છે નહીં, પછી'

'ચિંતા ન કર! સિવિલમાં ફોન કરી દીધો છે. એની શબવાહિની આવશે ને-'

'સ્મશાને લઈ જવાની નથી?'

'ના. એની ઈચ્છા હતી એટલે દેહદાન કરીશ એનું.' બહુ ચોળાચોળ ન થાય એટલે મેં ફોન મૂકી દીધો.

બા પડી હતી. નિશ્ચેષ્ટ! દસ મિનિટ પહેલાં તો બોલતી હતી કે ઢોકળાં ખાવાં છે અને –

હું ગુસ્સે થઈ ગઈ હતી, 'બા, જરા જીભને જંપવા દે હવે.' ને એ જંપી જ ગઈ. હું 'બા, બા!' કરતી રહી, પણ બા હોય તો બોલેને!

રડવું આવવા જેવું થયું. મેં હોઠ ભીડી દીધા. ના, રડવું નથી! રડવા જેવું કંઈ હતું જ નહીં. બા, ગઈ, પણ એવું કશું ફાટી પડવાનું કે બેહોશ થવાનું મન ન થયું. માણસ જાય તો લાગે તો ખરું જ ! પણ લાગે તોય જોનારું કોઈ હતું નહીં. ને એવું કંઈ થયું જ નહીં તો પરાણે વેશ પણ શું કાઢવો?

દસ મિનિટ પહેલાં બા હતી ને હવે નો'તી સિમ્પલ!

સંજય અને સીમા, જુહી સાથે પંદરેક દિવસ જ કેનેડાથી આવી ગયાં હતાં. બંને જાણતાં હતાં કે બા અને સંજય ચેલ્લી વાર જ મળી રહ્યાં છે જતાં જતાં સંજય બોલ્યો પણ હતો, 'બા હવે તું નહીં હોય ત્યારે હુંય નહીં હોઉં! કેનેડાથી વારંવાર દોડવાનું સહેલું નથી,બા!'

બાએ તેને માથે હાથ ફેરવતાં કહેલું પણ ખરું, 'જ્યાં હું જ નહીં હોઉં, ત્યાં તું હોય કે ન હોય, શો ફરક પડે છે? મારા દીકરા.'

કદાચ એના શબ્દો સુકાયાયે નો' તા ને-

'હલો!'

'બોલો મોટી બહેન!'

'બા ગઈ !'

'ક્યારે?'

'આજે બપોરે જ, પંદરેક મિનિટ પહેલાં.'

'પણ, મારાથી નહીં અવાય....'

'આવવાની જરૂર પણ નથી. આતો તને જાણ કરું છું.'

'કંઈ મોકલવાનું છે?'

'ના. પણ હું વિધિ બધી જ કરવાની છું.'

'તમે ઊઠીને વિધિ બધી જ કરશો? '

'ન થાય?'

'એમ નહીં, પણ -'

'હું જાતે થઈને તો કશું કરું નહિં, તું જાણે છે!'

'હા, એટલે જ પૂછું છું કે -'

'વાત મારી નથી, સંજુ! વાત બાની છે.' 'તેની ઈચ્છા, હતી કે તેની પાછળ બધી જ વિધિઓ થાય.'

'તો પછી દાહ કોણ દેશે?'

'દાહ નહીં, દેહદાન કર્યુ છે. આ પણ તેની જ ઈચ્છા હતી? '

'હા, તે નો'તી ઈચ્છતી કે તમારે દોડાદોડી કરવી પડે,' સામેથી આંસુ આવતું લાગ્યું. દોડા-દોડીય કરી જ હોત, પણ તેની ઈચ્છા હતી કે-'

'સારું. કંઈ હોય તો કહેજો!'

એ જાણતો હતો કે મારે કંઈ કહેવાનું નથી.

ડોરબેલ વાગ્યો. મેં બારણું ખોલ્યું. સામે સુનીતા ને જીજાજી હતાં. સુની જોરથી વળગી પડી. રડી. મેં તેને માથે ફેરવ્યો, 'મારાથી મોટી થઈને તું રડે છે ને મને જો, મારે રડવું છે ને-'

બધાં બા પાસે આવ્યાં. ચહેરો ખૂલી ગયો હતો થોડો. પીડાથી દબાયેલી હતીને! હવે કોઈ પીડાનો'તી. આરામ કરતી હતી જાણે!

હતી ત્યારે ન કર્યો ને નથી ત્યારે કેવી નિરાંતે સૂતી છે! જીજુ બોલ્યા. બોલતાં બોલતાં આંખના ખૂણા સાફ કરી લીધા. પછી મારી તરફ જોઈને બોલ્યા, તારે તો નિરાંત જ થઈ ગઈ લે!

હું રડવા જ જતી હતી, પણ હસી પડી. ઓહો! કેટલે વખતે હસી હું !? પણ આ હસવું મોકળું નો'તું. સાચું કહું છું. ત્રાસી ગઈ હતી હું બાની માંદગીથી ઘરમાં કોઈ કરનારું જ નહીં, ને બા હતી કે એક પછી એક રોગોનો સરવાળો કરતી જ હતી. મહિના પર તો એવી સ્થિતિ હતી કે તેનાથી પડખુંય ફરાતું નો'તું. ઓફિસ જતી તો રોજ ફાળ સાથે જતી કે પડોશીનો ફોન ન આવી પડે. શરૂ શરૂમાં તો રજાઓ પણ ખૂબ પાડેલી. પણ પછી ક્યાં સુધી? નોકરી છોડાય તેમ નો'તી ઘરમાં રહેવાય તેમ નો'તું . બાને સતત એક માણસની જરૂર હતી જે એની સારસંભાળ લે .એક બહેન રાખ્યાં પણ ખરાં, પણ તે બા કરતાં વધારે માદાં લાગતા, અમે ના પાડી. તે પછી એક બહેન મળી ગયાં. ખરેખર, કામગરાં- મેં નથી લીધી એટલી કાળજી એમણે લીધી ને કાલે જ તેમની દીકરીના વિવાહ હતાં. બાકી, બહારથી તાળું મારીને જવાનું ગમતું નો'તું ને આજે-


શ્રી આદેશ્વરદાદાને નમઃ

## સ્નેહભર્યું આમંત્રણ

અમોને જણાવતા આનંદ થાય છે કે મુંબઈમાં વસતા આપણી જ્ઞાતિના ખામગામ વાસીઓ ભાઈઓ તથા બહેનોનું સ્નેહ મિલન રવિવાર તા.૨૩.૧૧.૧૪ સાંજે ૫ થી ૯ સમય દરમ્યાન મુલુંડમાં કાલીદાસ કેફેટેરીયા કાલીદાસ કેન્ટીનમાં રાખવામાં આવેલ છે. તો આપ સર્વને સહકુટુંબ જરૂરથી પધારવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે.

તો આપ ખામગામવાસીઓ કેટલી સંખ્યામાં પધારશો તેની જાણ અમે આપેલ મોબાઈલ ઉપર આપવા વિનંતી.

જેથી આપ સર્વની વ્યવસ્થા જાળવામાં સુગમતા રહે. તો યાદ રહે તા. ૨૩.૧૧.૧૪ રવિવાર સાંજે ૫ વાગે પછી મળશું. કાલીદાસ કેન્ટીનમાં

**૧. શોભાબેન મૈશેરી - 9819808320**

**૨. પંકજભાઈ ખોના - 9819422557**

**૩. નરેન્દ્રભાઈ દંડ - 9004391413**

**૪. રેણુક લલીત - 9821217002**

**૫. વિનોદ મોતા - 9821755341**



શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**

## સમુહ લગ્નોત્સવ - ૨૦૧૪

**રવિવાર તા. ૭.૧૨.૧૪ કચ્છ મધ્યે**

**ગ્રુપ દ્વારા સમુહલગ્નોત્સવ ૨૦૧૪**

**તા. ૬.૧૨.૧૪ મહાપુજન તેમજ દાંડીયા રાસ (ગીત રાસ)**

## તા. ૭.૧૨.૧૪ નાં સમુહલગ્નોત્સવ

ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવશે. ફોર્મ ભરવાના ચાલુ છે. ઈચ્છુક જ્ઞાતિ જનોએ જલ્દીથી જલદી ફોર્મ ભરી પરત આપવા નિવેદન.

**લિ. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**

**કિરણ દંડ: 09833808244**

**પ્રબોધ મુનવર (કચ્છ) : 07725169876**

ગંજીમાંથી ઘાસ નીકળી જાય તેમ દિવસ નીકળી ગયો. સવારે આટલી ફ્રેશ હું ક્યારેય હોતી નથી. પણ આજે સારું લાગતું હતું. જાણે જાત્રાઓથી થાકેલાં પાછાં આવ્યાં હોઈએ ને રાત ક્યાં નીકળી જાય તેની ખબર ન પડે તેવું જ કંઈ થયું હતું. ચા પીવી જોઈએ, તેવું થયું, પણ એમ જ પડી રહી. રોજ તો બૂમ પડી જ હોય, 'બપોરે ચઢયો. હવે તો ચા મળશે કે નહીં?'

- ને એ મહારાણી માટે હું ચાનો કપ લઈને હાજર થઈ જતી. કાલે જ બાએ ચા ન માગી ને મેં વગર માગ્યે તેના ગળામાં બે'ક ચમચી રેડી, પણ ન પીધી. હોઠોને ખૂણેથી લબડી ગઈ. કમસે કમ કાલે આવી વાતો નો'તો થવી જોઈતી, પણ થઈ જ હું પથારીમાં જ હતી ને તેનો સ્વર હવાથી ઘસાતો મારા સુધી આવ્યો, 'જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા....'

બહુ જ આશ્ચર્ય થયું. કેટલે વખતે બા ગાતી સંભાળાઈ હતી. દોડીને તેની પથારી પાસે આવી. ભેટી પડી, 'બા, તારો અવાજ હજી મીઠો છે.'

બા ફોરું પડે તેમ માંડ હસી, 'તું તો મને વદાય કરવા માંગે છે.'

'તે મને તું કંઈ વધારવાની નથી, પણ બા, પંચ્યાસી વર્ષ તે કંઈ નાની ઉંમર નથી.'

'હા, ખબર છે માણસે લાંબું તો ન જ જીવવું જોઈએ.'

'રાઈટ! તું જાણે છે તારું કરી કરીને હું માંદી થઈ ચાલી.'

'હા.ને મારે લીધે પરણીયે નહીં, પેલો તારો નિલય......દેખાયો નહીં....... ઘણા વખતથી! '

'એણે તો કહ્યું છે કે તારી મા નહીં હોય ત્યારે જ હું તો આવીશ.'

'હા, ભગવાન એની ઈચ્છા પુરી કરે, બીજું શું?'

'બાએ આંખો લૂછી. તુંય શું બા? એને તો ટેવ છે લવારાની.'

'તનેય છે જનો! તું કહે છે, આપણે લાંબું ન જીવવું જોઈએ.. તે અહીં કંઈ મને શોખ થાય છે! પણ મરાય નહીં ત્યાં સુધી તો જીવવું જ પડેને!'

'તે માટે તારું ગળું દબાવી નથી દેવું સમજી!'

'મારા ગળા સુધી પહોંચે એટલા લાંબા હાથ તારા પહેલેથી નથી, દીકરી!' - ને કાલે છેલ્લો સ્પર્શ એના ગળાનો જ થયોને! મને બહુ વિચિત્ર લાગ્યું તરત જ ભૂલી જવાય તેવી વાત પણ.... ઘર કરી જતી હોય છે.

